ગાંધીનગર સમાચાર



# યોગ દિવસે મહાયોગીઓને વંદન...

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્યાતિભવ્ય ઉજવણી સામે ભાગ્યે જ કોઈ વિરોધ હોઈ શકે. વિરોધ તો એના રાજકીય દુરુપયોગ સામે ઊઠવો જોઈએ. યોગ એ ભારતીયતાની આગવી ઓળખ છે. આપણા વૈદિક ઋષિઓના વખતથી એની પાવન સરવાણી આખા વિશ્વને આકર્ષતી રહી છે. આવા ભવ્ય વારસાને ભૂલવો કે એમાં સાંપ્રદાયિકતાનું તત્ત્વ ભેળવવું તે આપણા પૂર્વજોનું અપમાન છે. એટલે બાબા રામદેવ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી બેઉ આ ભવ્ય સાંસ્કૃતિક વારસાને વૈશ્વિક માન્યતા અપાવવા બદલ અભિનંદનના અધિકારી છે. પ્રશ્ન છે એ ભવ્ય વારસાના 'પેટન્ટ'નો.

યોગ એકલા રામદેવ બાબાની કે મોદીની અસ્કામત નથી. એ તો ભારતે વિશ્વને ભેટ ધરેલું અમૃત છે. પરંતુ આપણા કેટલાક સાધુ મહાત્માઓએ વીસમી સદીના ઉત્તરાર્ધમાં જ એના વ્યાપારીકરણની શરૂઆત કરી દીધી હતી, જેમાં ઈંદિરા ગાંધીના યોગગુરુ ધીરેન્દ્ર બ્રહ્મચારીથી

## તંત્રીસ્થાનેથી...

લઈ યોગને દુનિયાના રંગમંચની રૂપકડી આઈટમ બનાવી દેનારા ભગવાન રજનીશ સુધીના નામો સામેલ છે. મહર્ષિ મહેશ યોગીએ એને ઍકેડેમિક સ્વરુપમાં ઢાળીને તો રજનીશે એને જુદા અને વધુ રમણીય સ્વરુપમાં પૅક કરીને રીતસર વેપારની વસ્તુ બનાવી દીધી ત્યારે સાચા યોગીઓને ખાસ્સો થડકો લાગ્યો હતો. બાબા રામદેવે જે કંઈ સિદ્ધિ મેળવી છે તે આ તમામને ઓળંગી જાય છે. યોગને એમણે સર્વવ્યાપક બનાવવાનો પુરુષાર્થ કરી આરોગ્ય માટેની ઔષધિ તરીકે રજૂ કરતાં કરતાં અબજોનું આર્થિક સામ્રાજય ખડું કરી દીધું છે. આ જ યોગને 'આર્ટ ઑફ લિવિંગ'ના પૅકેજમાં શ્રી શ્રી રવિશંકર વેચતા રહ્યા છે.

કળા અને જ્ઞાનનું આવું વ્યાપારીકરણ એ ગ્લોબલાઈઝેશનની દેણ છે. આપણા પતંજલિ મુનિને સ્વપ્ને પણ કલ્પના નહીં હોય કે ક્યારેય મારા સંશોધનનો આવો વૈશ્વિક વેપાર પણ મંડાશે. પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય દ્વારા 'રાજયોગ'ની લહાણી કરાય છે. દુનિયામાં ભારતની જ્ઞાનની ગંગોત્રી તરીકેની ઓળખ ઊભી કરવામાં આ તમામ યોગઋષિઓનો નોંધપાત્રો ફાળો છે. પરંતુ યોગ એટલે ફક્ત વ્યાયામ કે અંગ કસરતના આડા અવળા દાવ નહીં : યોગ એ કર્મ માત્રમાં કૌશલ્યનું જ નામ છે. દયાનંદ સરસ્વતી અને વિવેકાનંદ કે રામકૃષ્ણ પરમહંસ યોગ બળથી જ અમર થયા છે. ઈસુ એમના યોગ બળને કારણે મૃત્યુને હંફાવી શક્યા છે. ચીન અને તિબેટમાં મહાન લાઓત્ઝુ કે લુ-શન તથા અનેક લામાઓ પાક્યા છે. કૃષ્ણથી મોટો કોઈ યોગી નથી અને બુદ્ધનું ધ્યાનયોગીનું સ્વરુપ વિશ્વને કરૂણાનો સંદેશ આપે છે. મહંમત પયગંબરને પણ ગુફામાં કે પર્વત પર જે જ્ઞાન લાધ્યું હતું તે યોગનું જ પ્રસાદફળ હતું. આપણે યોગ દિવસે એ મહાયોગીઓને વંદન કરીએ.

## વિજ્ઞપ્તી

આપણી લોકપ્રિય કટાર 'સુપ્રભાતમ્'ના કટારલેખક આદરણીય શ્રી સુરેશભાઈ ભટ્ટને સોમવારે સવારે બાયપાસ સર્જરી કરાવી હોવાથી એક સપ્તાહ 'સુપ્રભાતમ્' પ્રસિદ્ધ થશે નહિ જેની નોંધ લેવા વિનંતી છે.

- મેનેજીંગ તંત્રી

# યોગ અને ધ્યાનનો અભ્યાસ એટલે હૃદયમાં ઊભું કરેલું એક નાનકડું સ્વર્ગ

યોગનો હેતુ પોતાને વિભક્ત કરનાર અહંકારનો વિલય કરી મન, પ્રાણ અને શરીરનું રૂપાંતર સાધી નિસ્વાર્થપણું, કામનાવિહીનતા, નમ્રતા, ભક્તિ, સમર્પણ, સ્થિરતા, સમતા, શાંતિ, અચંચલતા, સચ્ચાઇના સથવારે આધ્યાત્મિક પરિવર્તન લાવવાનું છે...બાહ્ય જીવનની અસરમાંથી આંતરચેતનામાં વધુને વધુ રહી એ ચેતનાને પ્રભુ તરફ ખુલ્લું કરવાનું છે. યોગએ પરમાત્માના કાર્યનો એક ભાગ છે. પ્રયત્ન છે, તપસ્યા છે. યોગ સાધના માટે કોઈક જ વ્યક્તિ યોગ્ય છે તેવું નથી, બધા જ માણસો તેમની પ્રકૃતિ અનુસાર કોઈક પ્રકારનો યોગ કરી શકે છે. યોગ કરવાની બે જ પદ્ધતિ છે: એક સજાગ મનનું કાર્ય તથા પ્રાણનું દર્શન, નિરીક્ષણ, વિચાર કરવાની અને બીજુ, નિંશ્ચય કરનાર ભાગ જે કયું કાર્ય કરવું અને કયું ન કરવું તેનું જ્ઞાન ધરાવવાની.

શાંતિ મનુષ્યના અંત: કરણમાં છે આત્મામાં છે. અને આ આત્મસ્થ શાંતિ આધ્યાત્મિક સાધનાથી જ પ્રાપ્ત થઇ શકે છે. યોગના કારણે વ્યકિતનો શારીરિક, માનસિક, બૌધિક અને ભાવનાત્મક શક્તિઓનો સંતુલિત વિકાસ અને પરિણામે આધ્યાત્મિક કક્ષાએ વિકાસ શક્ય બને છે. પરિસ્થિતિ અનુકૂળ હોય કે પ્રતિકૂળ પરંતુ મનુષ્ય યોગમાં સ્થિત થાય એટલે અનુકૂળતા અને પ્રતિકૂળતા એવું દ્વૈત ન રહે.

યોગ એ સાર્વભૌમ વૈજ્ઞાનિક તથ્ય છે. વ્યવહારિક વિજ્ઞાન છે. યોગના ઉંડા ગૂઢ આકર્ષણને કારણે સમગ્ર વિશ્વમાં યોગ વિષયક જિજ્ઞાસા પ્રકટી છે. યોગ પરમ અને પ્રકૃતિ સાથે શરીર અને મનનું અનુસંધાન છે. તે શરીર અને મનથી અનુભવ કરી અનુશાસનની સાથે સાથે શારીરિક અને માનસિક વિકાસ માટેનું એક વિશુધ્ધ વિજ્ઞાન છે. ચેતાતંત્ર પરના કાબુની બાબતમાં યોગની દેન અદ્વિતીય છે. યોગ એટલે પૂર્ણતાનું બીજું નામ.

'જયારે તમે ધ્યાનનો અભ્યાસ કરો છો ત્યારે તમને એવું લાગશે કે તમે તમારા હૃદયમાં એક નાનકડું સ્વર્ગ લઈને વહન કરો છો. આ શબ્દો છે હિંદની ચિરંજીવી સંપત્તિ જેવા જે ગુરુઓ થઇ ગયા એમાંના એક પરમહંસ યોગાનંદના...સર આર્થર અડીંગ્ટને એક વાત કરી કે : That the electron vibrates and the universe shakes. આજ વાત શ્રી અરવિંદે યોગ ઓફ સીન્થેસીસ માં કીધું છે.




ગુસ્સો ઓછો કરવાની, ચિંતા ના કરવાની, સ્વાદ પર કાબુ લાવવાની, સ્વાર્થ ઓછો કરવાની વાતો આપણા સાધુસંતો અને ધર્મમાં છે. પરમાર્થથી રોગ પ્રતિકારક શકિત વધે છે. એટલે હવે ડૉકટરો, વૈજ્ઞાનિકો અને સાધુસંતોની ભાષા વિચાર શૈલીમાં સામ્યતા વર્તાવા લાગી છે. તેથી ડૉકટરો અને વૈજ્ઞાનિકો Holistic approach ની વાતો કરવા લાગ્યા છે. વિજ્ઞાન 'યોગ સાયકોન્યુરો એન્ડોક્રાયનોલોજી ના વિષય થકી યોગની હોર્મોન્સ, મગજ સાથે તેમની ક્રિયાપ્રતિક્રિયાઓ, શારીરિક પ્રક્રિયાઓ અને વર્તનનો અભ્યાસ કરે છે.

રોગ એટલે શરીર, મન અને ચેતના વચ્ચેનું અસમંજસ્ય. વિશ્વ આરોગ્ય સંસ્થા (□□□) એ પણ શારીરિક, માનસિક, સામાજિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્યને જ પૂર્ણ સ્વાસ્થ્ય તરીકે વ્યાખ્યાયિત કર્યું છે. નિષ્ઠા, નિરંતરતા અને સજાગતાથી યોગનો અભ્યાસ કરવામાં આવે તો યોગથી રોગ પ્રતિકારક શકિત વિકસે છે. શરીરના દરેક અવયવોને સ્ફૂર્તિલા અને ઓજસ્વી બનાવી મન અને ચેતનાને શુધ્ધ સ્વરૂપમાં પ્રસ્થાપિત કરે છે. યોગનો માર્ગ અનુભવનો માર્ગ છે. અનુભવ કરો. તેમ કહેતા મહર્ષિ પતંજલિએ યોગની ચોકકસ રૂપરેખા આપી છે, અષ્ટાંગ યોગના શરૂઆતના બાહ્ય સાધના રૂપી ચાર પગથિયા યમ, નિયમ, આસન અને પ્રાણાયામ દ્વારા બાહ્ય શારીરિક, માનસિક સ્વસ્થ કરી મનુષ્યનો સર્વતોમુખી વિકાસ કરે છે. પછી આંતરિક સાધના પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિએ મનને વશ કરવાની પ્રક્રિયા જેને સંયમ નામથી સંબોધવામાં આવી હતી. જૈન પરંપરામાં મન, વચન અને કાયાની પ્રવૃતિઓને યોગ કહેવામાં આવે છે.

યોગની વ્યાખ્યા આપતાં પરમહંસ યોગાનંદ કહેતા કે સંન્યાસીએ બુધ્ધિવાદ અને કઠોર ત્યાગનો જ રસ્તો પકડેલો હોય છે જયારે એક યોગી ચોક્કસ યોજનાપૂર્વકનો ક્રમબધ્ધ રસ્તો પકડીને મન અને શરીરનું નિયંત્રણ કરીને જીવને મુકત કરે છે.

માનવ જાતના આ વિજ્ઞાનને કોઈ ધર્મ, સંપ્રદાયનાતજાત સાથે કંઈ લેવા દેવા નથી. યોગ તો પોત પોતાના ધર્મને સમજાવે છે. યોગ એ પરમ અને પ્રકૃતિ સાથે શરીર અને મનનું જોડાણ છે. છતાં ભારતના બે મુખ્ય સંપ્રદાયોમાં યોગની ચર્ચા સાવ અવળા માર્ગે ફંટાઇ ગઈ છે. પરસ્પરના સંબંધોનો તેરસો-ચૌદસો વર્ષનો ઈતિહાસ અનેક ખાડાટેકરાઓથી ભરેલા માર્ગ જેવો હતો. જો કે મુળિયા એક સરખા હતા. ભારતના મોટાભાગના મુસ્લિમો ધર્મ પરિવર્તનને લીધે જ મુસ્લિમ બન્યા હતા. પણ સંસ્કારો મોટે ભાગે સમાન હતા.

# જીવન વન અતિ વેગે વટાવ્યું - દ્વાર ઊભો શિશુ ભોળો

કોઈ પણ ભાષામાં કેટલીક રચનાઓ એવી મળે છે કે જે હંમેશા જે તે ભાષાના આભૂષણ સમાન લાગ્યા કરે છે. કાળના કપરા પ્રવાહમાં પણ આવી રચનાઓ તથા તેના સર્જકો લોકસ્મૃતિમાં જીવંત રહે છે. નરસિંહની "જળકમળ છાંડી જાને બાળા" કે કલાપીની "યાદી ભરી ત્યાં આપની" જેવી રચનાઓ કે તેના મહાન સર્જકોનો પરિચય કયાં કોઇને આપવો પડે છે? આવા કાવ્યો પોતાના આંતરિક સત્વને પ્રતાપે જ કોઈ પણ કાળે જીવતા તથા ધબકતા રહે છે. આવી રચનાઓની લોકપ્રિયતા કાળના સતત વહેતા પ્રવાહમાં પણ ઓછી થતી નથી. આવી જ એક ભાષાના ઘરેણારૂપ રચના કવિ નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા (૧૯૫૯-૧૯૩૭)ની છે. કવિ નરસિંહરાવની રચના "પ્રેમળ જ્યોતિ તારો દાખવી.." ખૂબ લોકપ્રિય પ્રાર્થના બની છે. આ કાવ્યની રચના પાછળની ઘટના કવિએ આલેખી છે તે પણ જાણીતી છે. કવિશ્રી લખે છે કે તેઓ તા.૧૫-૦૯-૧૯૧૫ ના રોજ ગાંધીજીને અમદાવાદ આશ્રમમાં મળ્યાં. ગાંધીજીએ આ સમયે આશ્રમ (સત્યાગ્રહ આશ્રમ) માં આશ્રમ જીવનની શુભ શરૂઆત કરી હતી. ગાંધીજી નરસિંહરાવને કહે : 'Lend Kindly Light' એ ભજનનું ગુજરાતી ભાષાંતર કરી આપશો? ગાંધીજીની કામ કઢાવી લેવાની આવડતના પ્રતાપે ગુજરાતી ભાષાને તેની ચિરકાળ યુવાન રચના મળી :




પ્રેમળ જ્યોતિ તારો દાખવી
મુજ જીવન પંથ ઉજાળ.

નરસિંહરાવના તમામ સર્જનોનું અનોખું મૂલ્ય તથા વિશિષ્ટ છાપ છે. પરંતુ "મંગલ મંદિર ખોલો" તથા "પ્રેમળ જયોતિ તારો દાખવી" એ બે રચનાઓ લોકહૃદયના સિંહાસને બિરાજે છે. અનેક સ્થળોએ શાળાઓની પ્રાર્થનાઓમાં આ રચનાનો ગૂંજારવ થયા કરે છે. ભાષાંતર-ભાવાંતરની પણ સૂર્યાદય કે સૂર્યાસ્ત પૂર્વેના આકાશ જેવી ભવ્ય તથા ભાતીગળ શોભા હોઈ શકે છે તેની પણ આ રચનાઓ પ્રતીતિ કરાવે છે. "મંગલ મંદિર ખોલો" એ રચના જીવન તથા મરણના સંધિકાળની રમણિયતાનું દર્શન કરાવે છે.

મંગલ મંદિર ખોલો
દયામય ! મંગલ મંદિર ખોલો
જીવન-વન અતિ વેગે વટાવ્યું,
દ્વાર ઊભો શિશુ ભોળો,
તિમિર ગયું ને જયોતિ પ્રકાશ્યો,
શિશુને ઉરમાં લો.. લો... દયામય...
નામ મધુર તમ રટયો નિરંતર
શિશુ સહ પ્રેમે બોલો,
દિવ્યાતુષાતુર આવ્યો બાળક,
પ્રેમ-અમીરસ ઢોળો..
દયામય ! મંગલ મંદિર ખોલો.

સામાન્ય વ્યવહારમાં જગતના લોકોનું વલણ મૃત્યુની ક્ષણને આકરી તથા સંતાપ ઉત્પન્ન કરનારી ગણવાનું છે. મૃત્યુને એક અણગમતી તથા આઘાતજનક ઘટના તરીકે ઓળખવામાં આવે છે. આ રચનામાં આપણાં આ ઋષિદ્રષ્ટા કવિ તે ક્ષણને અંધારાથી અજવાળા તરફથી ગતિ તરીકે ગણાવીને મૃત્યુને પણ આદર સાથે અનિવાર્ય ઘટના તરીકે સ્વીકારીને તેની ગરીમા વ્યકત કરે છે. અકાળે ગયેલા પોતાના ભોળા શિશુ માટે પ્રેમ-અમીરસની પ્રાપ્તિ માટેની પ્રાર્થના જગતના નિયંતા સમક્ષ કરે છે. મરણની ઉપયોગિતા, અનિવાર્યતા તથા સૌંદર્યનો કવિ અનોખો મહિમા કરે છે. પોતાના જ પુત્રના અકાળ મૃત્યુ પ્રસંગની સહજ વેદનાને પચાવીને આવી મંગલમય પ્રાર્થના નરસિંહરાવ જેવા કવિજન જ કરી શકે. જીવન હોય ત્યાં સંકટ અને સંતાપ તો હોય પરંતુ મરણ તો ચિરસ્થાયી વિસામો આપતું મંગલ તથા તેજોમય દર્શન છે. જીવનના સળંગ અસ્તિત્વનો તે અનિવાર્ય મધ્યાન્તર છે. આ દર્શનની ક્ષણે પ્રાર્થના તો દયામય પાસે જ કરી શકાય. અંગત જીવનની આકરી કસોટીની ક્ષણે કવિનું આ દર્શન સમતાપૂર્ણ તથા અદ્વિતિય લાગે છે. મૃત્યુની ક્ષણે વ્યાકૂળતા કે શોક સંતાપને સ્થાન ન હોઈ શકે. મૃત્યુની પળને પણ એક આગવી સુંદરતા છે તેનું દર્શન ખૂબ જ રોચક તથા રમણિય છે. મરણની ક્ષણ સુધી પરમ તત્વની ઓળખ તેમજ પ્રાપ્તિ માટે અનેક લોકોએ પ્રયાસો કર્યા છે. આવા લોકોનું જીવન તથા મરણ બંન્ને ધન્ય બને છે. કવિ શ્રી કરશનદાસ માણેકના હંમેશા કહેવા સાંભળવા ગમે તેવા શબ્દો આ સંદર્ભમાં યાદ આવે.

એવું જ માગું મોત,
હરિ હું તો એવું જ માગું મોત !
અંતિમ શ્વાસ લગી આતમની
અવિરત ચલવું ગોત
ઓતપ્રોત હોઉ આપ મહી જયારે
ઉડે પ્રાણકપોત !
હરિ, હું તો એવું જ માગું મોત !

કવિ નરસિંહરાવ આમ તો સીવીલ સર્વિસના અધિકારી પરંતુ મોટા ગજાના સર્જક તેમજ નિવૃત્તિ બાદનું તેમનું અધ્યાપન કાર્ય વર્ષો સુધી એકનિષ્ઠાથી ચાલ્યું. જીવનના અનેક અંગત આઘાતોને કવિએ ઝીલ્યા અને જીરવ્યા પણ ખરા. "આ વાદ્યને કરૂણગાન વિશેષ ભાવે" એવી

અનુસંધાન પાના નં. ૭ પર

# પુડુચ્ચેરથી પેંગોગ તથા ચેન્નાઈથી લેહ યાત્રા

(ભાગ-૧)

'ચરાતિ ચરતો ભગઃ' - વૃદ્ધશ્રવા ઈન્દ્રએ વૈદિક સંસ્કૃતિના પ્રારંભમાં જ આદેશ આપ્યો હતો કે, જે બેસી રહે છે તેનું નસીબ પણ બેસી રહે છે, જે ચાલે છે તેનું જ ભાગ્ય ચાલે છે...

પ્રવાસનું આપણા જીવનમાં ખૂબ મહત્ત્વ છે. પ્રવાસ મારફતે મેળવેલું જ્ઞાન અને આજની શિક્ષણ પદ્ધતિથી મેળવેલા જ્ઞાનમાં આભ-જમીનનો તફાવત છે... આજના વિદ્યાર્થીઓને પ્રવાસરુપી જ્ઞાન આપીએ તો એ વધુ પ્રેક્ટીકલ અને હોંશિયાર બને તેમાં કોઈ મીનમેખ નથી.

આપણે જેમ જેમ પ્રવાસ કરતા જઈએ તેમ તેમ કુનેહ કેળવાતી જાય છે... ધીરજ અને ઉદારતા કેળવાય છે, અને અંતે પ્રવાસી સારામાં સારો સમાજદર્શી બની શકે છે... મુસાફરીમાં આવનારી અગવડોથી એક આગવી સૂઝશક્તિ ખીલે છે. કોઈ પણ રાજયની મુસાફરી કરી આવ્યા પછી અખબારોમાં વંચાતા ત્યાનાં સમાચારો પ્રત્યે આપણો કેવો રસ કેળવાય છે!

જે વ્યક્તિની વૃત્તિઓ વિકૃત થઈ નથી તેને પ્રવાસની મુસાફરીની પ્રેરણા સ્વાભઆવિક જ પ્રાપ્ત થાય છે... જેમ પ્રવાસની તક પેદા થાય કે તરત જ માણસના પગ વગર પૂછે જ ચાલવા માંડે છે... આંખોને તરસ લાગે છે... નવું નવું નિહાળવાની, મનને ખૂબ લાગી છે નવું નવું જાણવાની... માટે બસ ચાલી નીકળવાનું...

પ્રવાસ વિશેની આટલી ભૂમિકા એટલા માટે બાંધી છે કે આ વેકેશનમાં પેંગોગ લેક થી પોંડિચેરી અને લદ્દાખથી ચેન્નઈની મેરેથોન યાત્રા કરવાનો સુવર્ણ અવસર પ્રાપ્ત થયો...

સૌ પ્રથમ ચેન્નાઈ-કાંચીપુરમ - વેલ્લોર-મહાબલીપુરમ્ - અને પોંડિચેરીની યાત્રાનું સુખ પ્રાપ્ત થયું તો વેકેશનની બીજા ભાગમાં લેહ-નુબ્રાવેલી-પેંગોગ લેક-ની અદ્ભૂત યાત્રાની લિજ્જત માણી.

આંખોના જલસા કાનની ન જ થાય પરંતુ તેની ઝાંખી કરાવીને તમને પ્રવાસ માટે પ્રોત્સાહિત તો જરુર કરી શકાય...

ચેન્નાઈમાં જવાનું થયું તેના બે દિવસ પછી જ ત્યાં સ્ટેટ ઈલેકશન હતું... કરૂણાનિધિ અને અમ્મા જયલલિતા વચ્ચે જબરી કશ્મકશ ભરી પ્રચાર યુદ્ધ ચાલતું હતું... ચેન્નાઈના ચૌરે અને ચૌટે પોસ્ટર વોર, બાઈક પર અમ્માના ફોટા ચોંટાડી નીકળતી બાઈક રેલી, રાજનેતાના પિકચરવાળા હોર્ડિંગ્સ, ટીશર્ટ અધધ... સાઉથની ખાસિયત છે કે ત્યાં વ્યક્તિના આધારે મતોનું ધ્રુવીકરણ થાય છે... પત્રને કારણે નહીં... વ્યક્તિ પૂજા ખૂબ છે...

ચેન્નાઈમાં સૌપ્રથમ અમે નેશનલ મ્યુઝિયમ જોયું...

આ સંગ્રહ સ્થાનમાં ભૂસ્તરશાસ્ત્ર, સ્થાપત્યકલા, વનસ્પતિશાસ્ત્ર, માનવશાસ્ત્ર, મુદ્રાશાસ્ત્ર વગેરે વિભાગો આવેલાં છે.

મરીન બીચ - આ..હા..હા..!! આ રેતાળ બીચ વિશ્વનો બીજા નંબરનો સૌથી લાંબો બીચ છે... ૧૩ કિ.મી. લાંબો અને ઈન્ડો એરેનિક સ્થાપત્યશૈલીમાં બાંધેલા મકાનોની હારમાળાઓથી શોભે છે... અન્ના અને એમજીઆરનાં સ્મારકો પણ અહીં આવેલા છે.

શહેરનું જૂનામાં જૂનું મંદિર 'પાર્થસારથી' મંદિર છે... વિષ્ણુના ૧૦૮ પવિત્ર મંદિરોમાંનું એક છે. ૧૫૦૦ વર્ષ જૂના આ મંદિરનું સ્થાપત્ય અદ્ભૂત છે.

દક્ષિણ ભારતમાં ભારતના બીજા પ્રદેશો કરતા થોડી વધુ ભક્તિ અને ધાર્મિકતા જોવા મળે છે... પરંતુ સાથે તેમની ભાષા પ્રત્યેની જડતા મનમાં જરુર ખૂંચે છે... જમવામાં પણ આપણા જેટલું વૈવિધ્ય આપણને ન લાગે. ઢોંસા અને ઈડલી સાંભારથી એક સમયે મન ઉબાઈ જાય છે.

કાંચીપુરમ એટલે મંદિરોની અને સિલ્ક સાડીની (કાંજીવરમ્)ની નગરી... 'ગોલ્ડન સીટી ઑફ થાઉઝન્ડ ટેમ્પલ્સ' એવું કાંચીપુરમ્ પલર નદીના કાંઠે આવેલું છે...

ભારતની સાત મોક્ષ નગરીઓમાંની આ એક નગરી છે... છઠી અને આઠમી સદીમાં પલ્લવોનું આ પાટનગર હતું...

વેલ્લોર - આમ તો આ કિલ્લાઓનું નગર કહેવાય છે... પરંતુ હમણાં હમણાં બનેલું મહાલક્ષ્મીનું ગોલ્ડન ટેમ્પલ અદ્ભૂત છે... અંદર પ્રવેશવા માટે જો કે આજકાલના ટ્રેન્ડ મુજબ વીઆઈપી લાઈનના ૩૦૦ રૂપિયા વીવીઆઈપીના તેનાથી વધુ આવી બધી લક્ષ્મીના મંદિરમાં લક્ષ્મી ખંખેરવા પડે છે.

પણ આ વાતને બાજુ પર મૂકીએ તો મંદિર તેનું વિશાળ પટાંગણ સોનાના ઢોળાવવાળા મંદિરના સ્તંભ - ચારે તરફ પાણી અને વચ્ચે મંદિરનું ગર્ભગૃહ - ખૂબ જ નયનરમ્ય હરિયાળી અને ચિત્તાકર્ષક મહાલક્ષ્મી માતાની મૂર્તિ.




ત્યારબાદ પુડુચ્ચેરી જતા ચેન્નાઈથી ૫૨ કિ.મી. દૂર સ્થાપત્યની અદ્ભૂત નગરી 'મહાબલીપુરમ્' અથવા 'મમલ્લપુરમ્' આવે... ભગવાન વિષ્ણુએ દાનવ મહાબલિનો વધ કર્યો પછી મહાબલીપુરમ્ તરીકે જાણીતું થયું... પાછળથી 'મમલ્લા' અથવા 'મહાન કુસ્તીબાજ'નું બિરુદ્ધ પામેલા નગરના સ્થાપત્ય નરસિંહ વર્મન પહેલાના નામ પરથી તેનું નામ 'મમલ્લપુરમ્' રાખવામાં આવ્યું.

ઉજી સદીથી નવમી સદી સુધી પલ્લવોએ દક્ષિણ ભારત પર રાજ કર્યું... તે સમયે દરમિયાન કળા, શિલ્પ, સ્થાપત્ય અને ચિત્રકામની નવી શૈલીને સંરક્ષી અને સંવર્ધી આજે નગરની ગણના 'ઓપન એર મ્યુઝિયમ' તરીકે થાય છે...

શોર ટેમ્પલ - દરિયા કિનારા પર બાંધેલા સાત ભવ્ય મંદિરોમાંથી ફક્ત એક જ બચેલું છે... આ સ્થાપત્યનું યુનેસ્કોના વર્લ્ડ હેરિટેજ સાઈટની યાદીમાં નામ છે... ભગવાન વિષ્ણુના મંદિરની બે બાજુએ એક પૂર્વાભિમુખ અને બીજી પશ્ચિમાભિમુખ એવા બે શિવ મંદિરો આવેલા છે.

પંચરથ - રેતાળ ચોગાનમાં આવેલાં એક જ ખડકમાંથી કંડારેલા આ પાંચ ભવ્ય મંદિરોને દ્રવિડિયન મંદિર સ્થાપત્યના વિકાસના મૂળ નમૂના તરીકે ગણવામાં આવે છે... વિશાળ હાથીનું શિલ્પ ધ્યાનાકાર્ષક છે.

અર્જુનની તપશ્ચર્યા - વ્હેલની પીઠના આકારના એક મોટા ખડક પર શિલ્પકામ કરવામાં આવ્યું છે. તેની લંબાઈ ૨૭ મીટર અને ઊંચાઈ ૯ મીટર છે, અને વચનમાં એક ફાટ છે... પશુ, પક્ષીઓ, નાગ, માણસો, દેવી-દેવતાઓ, હાથી વગેરે અર્જુનની તપસ્યામાં જાણે એકજૂટ થઈ ગયા હોય તેમ લાગે છે.

આ ઐતિહાસિક ગામની આજુ બાજુ ૧૪ ગુફાઓ અને મંડપો છે... સ્થાપત્ય અને હેરીટેજમાં રસ ધરાવનાર માટે આ નગરી સ્વર્ગ સમાન છે...

પુડુચ્ચેરી પ્રવાસ આવતા અંકે...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# સમાજજીવનમાં બનતી હકારાત્મક ઘટનાઓને સિનેમાના પડદે વાર્તા સાથે વણીને લાવવામાં આવે છે, ત્યારે દર્શકોમાંના ઘણાને એ પોતાની જીવનનું પ્રતિબિંબ લાગે છે

'આઈડિયા જોરદાર છે, પરંતુ આ શો કેવો જશે?' ચિરાગે કહ્યું.

'મેરે લીયે તો સબ ગાને નયે હી હૈ' નયનાએ ફોનમાં કહ્યું.

'હેવી વર્કલોડ વચ્ચે આ કામ લીધું છે... પણ થઈ જશે.' મ્યુઝિશિયન સંદીપે કહ્યું.

આ અને આવા વિધાનો સાથેના સંવાદો વચ્ચે કાર્યક્રમ આયોજકોની ચિંતા કે 'ગાયિકા આનલ અમેરિકાથી આવી તો જશે ને?'

પરંતુ મા સરસ્વતીની આરાધના અને ગોસ્વામી તુલસીદાસજીની ચોપાઈઓએ જીવનમાં ભરોસાનું સિંચન કર્યું છે. એટલે વિશ્વાસપૂર્વક એ શો થયો અને યાદગાર થયો.




એકાદ વર્ષપહેલા ગાંધીનગરના મિત્ર હિરેન ભટ્ટને અને અમદાવાદના મિત્ર સૌરીન ઝરમરવાલાને કહ્યું હતું કે કિશોરાવસ્થાથી જેની ફિલ્મો જોઈએ છે એ રાજશ્રી પ્રોડકશનની ફિલ્મોના ગીતો અને આ ફિલ્મો થકી સમાજમાં જે સંદેશ પ્રસર્યા તેની વાતો કરતો એક શો કરવો છે.

૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ મૂળ રાજસ્થાનના તારાચંદ બરજાત્યાએ રાજશ્રી પ્રોડકશનનો મુંબઈમાં આરંભ કર્યો. પંદરેક વર્ષ ફિલ્મોનું ડિસ્ટ્રીબ્યુશન કર્યું. જેમાં ચંદ્રલેખા - બહાર - બૈજુ બાવરા - આઝાદ - સસુરાલ જેવી ૯ ફિલ્મોનો સમાવેશ થાય છે. એ પછી ૧૯૬૨માં ડાયરેકટર ફણી મજુમદારના નિર્દેશનમાં પ્રોડ્યુસર તરીકે પ્રથમ ફિલ્મ રજૂ કરી 'આરંભ.' ગીતકાર મજરૂહ અને સંગીતકાર રોશનના મધમીઠા ગીતો આજેય મીઠા સંભારણા બની રહ્યાં છે.




૧૯૬૪માં આવેલી 'દોસ્તી' ફિલ્મે ઈતિહાસ સર્જ્યો છે. લક્ષ્મીકાન્ત પ્યારેલાલના સંગીતમાં મહમ્મદ રફીએ ગાયેલા ગીતો સાચી મૈત્રીનું પ્રતિક બની રહ્યા છે.

એ પછીની તકદીર-જીવનમૃત્યુ-ઉપહાર-પિયાકા ઘર - મેરે ભૈયા - સૌદાગર - ગીત ગાતા ચલ - તપસ્યા - ચીતચોર - અખિંયોં કી ઝરોખોં સે - શિક્ષા - નૈયા - નદીયા કે પાર - સારાંશ - જેવી ફિલ્મોએ નવા કલાકારો - નવા ગીતકારો - નવા સંગીતકારો (જે તે સમયે) હોવા છતાં વિચારધારાની અસર દર્શકો પર મુકી. આ ફિલ્મોના ગીતોમાં પ્રકૃતિ-માણસાઈ - ઉત્સવ-માનવીય સંબંધો - ઉદારતા - ભક્તિ - પ્રાર્થના - પરિશ્રમ - દોસ્તી-અને સરળતા - પ્રેમ જેવા પોઝીટીવ ગુણો શબ્દો અને સંગીત દ્વારા અભિવ્યક્ત થયા ને લોકોને ગમ્યા - આજે પણ ગમે છે.

૧૯૮૯માં તારાચંદ બરજાત્યાના પૌત્ર સુરજ બરજાત્યા લિખિત મૈને પ્યાર કિયાએ 'ટોટલ ફેમિલી એન્ટરટેઈનમેન્ટ' ક્ષેત્રે એક નવો જ વિક્રમ સ્થાપ્યો. ભાગ્યશ્રી અને સલમાન ખાન અભિનિત આ ફિલ્મે ઈતિહાસ રચ્યો... એ પછી માધુરી દિક્ષિત સાથે સલમાનની ફિલ્મ 'હમ આપકે હૈ કૌન' માં પરિવાર જીવન અને લગ્નવિધિ તથા સંબંધો અદ્ભૂત રીતે રજૂ થયા - એજ કર્મમાં આવી 'હમ સાથ-સાથ હૈ...' અને પછી વિવાહ - પ્રેમ રતન ધન પાયો સુધીની ફિલ્મોમાં પારિવારિક મનોરંજન પીરસાયું.

પારિવારિક મૂલ્યો - પરસ્પર માટેનું સમર્પણ અને ત્યાગ - ઊભા થતા અને પછીથી ઉકેલાતા પ્રશ્નો - અને સરવાળે ઉર્જાથી - પ્રેમથી ધબકતો પરિવાર... એક નોખી - અનોખી પરંપરા ઊભી કરનાર એક પ્રોડકશન હાઉસ દ્વારા નિર્મિત ફિલ્મોના ગીતોના કાર્યક્રમનું તાજેતરમાં ગાંધીનગરમાં કલાગુર્જરી - ગાંધીનગર સંસ્થા દ્વારા આયોજન કરાયું ત્યારે લેખના આરંભ લખેલા સંવાદો સાહજિકતાથી ચર્ચાયા હતા.

લાંબા સમયથી અભ્યાસ હતો - ભાવપૂર્ણ સ્ક્રિપ્ટ તૈયાર થઈ - ગીતો પસંદ થયા - સમાવેશ કરવા જેવા ઘણા ગીતો કેટલાક કારણોસર ન સમાવી શકાયા... ફરી કયારેક રજૂ કરીશું એ ભાવ સાથે હિમાંશુ ત્રિવેદી - આનલ વસાવડા - ચિરાગ દેસાઈ - નયના શર્મા અને આશુતોષ આર્યને તમામ ગીતોને યોગ્ય ન્યાય આપ્યો - એક એક ગીત અને વચ્ચે વચ્ચે રજૂ થતાં શબ્દ સંકલનને શ્રોતાઓએ રાજી થઈને તાળીઓથી વધાવ્યા. સંદીપ ક્રિશ્ચિયનની ટીમે સુંદર સંગીત સંકલન કર્યું.

કલાકારોનો મધુર કલરવ શ્રોતાઓના હૃદય સુધી પહોંચ્યો એનો આનંદ આયોજકોને પણ થયો. પરિવાર - પ્રાર્થના અને પ્રેમના ગીતોનો મધુર ગુંજારવ ગણગણતા સહુ આનંદનો પ્રસાદ લઈને જાણે કાર્યક્રમ પુરો થયે સભરતા સાથે છુટા પડ્યા.



શાળાની વકૃત્વ સ્પર્ધાઓના સમયથી એક વિષય ચર્ચાતો રહ્યો છે કે 'સિનેમા સમાજને ઘડે છે કે સમાજ સિનેમાને...'

સમાજજીવનમાં બનતી હકારાત્મક ઘટનાઓને સિનેમાના પડદે વાર્તા સાથે વણીને લાવવામાં આવે છે. ત્યારે દર્શકોમાંના ઘણાને એ પોતાની જીવનનું પ્રતિબિંબ લાગે છે.

રાજશ્રી પ્રોડકશન્સની ફિલ્મોએ સમાજજીવનમાં પ્રેમ-ઉદારતા-ગ્રામ્ય વાતાવરણ - મૈત્રી-ભક્તિ અને સહજતાના ગુણોને સિનેમાના માધ્યમ થકી પહોંચાડ્યા છે અને દર્શકોએ એથી જ કદાચ એક જ ફિલ્મોમાં ૧૪-૧૪ ગીતોને પણ સ્વીકાર્યા છે.

આપણે ચાલતા હોઈએ ત્યારે કોઈક આપણને અથડાય પણ છે અને અનાયાસ હાસ્ય વેરીને પસાર પણ થઈ જાય છે. આ બેમાંથી આપણને કોણ ગમ્યું - કોની અસર આપણા પર રહી તે નક્કી કરવું આપણા પર નિર્ભર છે. એવું જ સિનેમાના માધ્યમનું પણ છે, સારી હકારાત્મક ઉર્જા આપતી ફિલ્મો પણ બને છે અને નકારાત્મક વિચારો ફેલાવતી ફિલ્મો પણ બને છે. વ્યક્તિના મન અને જીવન પર કોની વધુ અસર રહે તે પ્રત્યેક વ્યક્તિની વ્યકતિગત બાબત છે.

પરિવારો ટૂંકા થઈ રહ્યા છે ત્યારે પરસ્પર પ્રેમ પ્રસરાવતી - પારિવાસિક સંબંધોના ઉજળા પાસાને વ્યક્ત કરતી પારિવારિક મનોરંજક ફિલ્મો પ્રેરણા અને પ્રેમના જળથી પરિવારોને મજબૂત કરવાનું કાર્ય કરે છે.

વાર્તા-ગીતો-અભિનય-ફિલ્માંકન અને ડાયરેકશન રુપી પંચામૃતનો પ્રસાદ બને છે ત્યારે ચલચિત્રો દ્વારા પણ ચારિત્ર્ય ઘડતર માટેનો સંદેશ સમાજજીવનમાં પ્રસરે છે.

આવી ફિલ્મો જોવા મળે - વર્ષો પછી એનું સ્મરણ થાય - ગીતો ગવાય ત્યારે આપણી આસપાસની વ્યક્તિઓ સાથેના સંબંધોમાં પ્રેમના અજવાળા પથરાય છે.

તેજપૂંજ -

યે જીવન હૈ ઈસ જીવન કા
યહી હૈ રંગરુપ
થોડે ગમ હૈ થોડી ખુશીયાં
યહી હૈ છાંવ-ધૂપ

- ફિલ્મ 'પિયા કા ઘર'નું ગીત...